## સુરત મહાનગરપાલિકા

નગર રચના યોજના, સુરત નં.૬૨(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

# અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯ નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

**ઉત્તરે :** મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૦(લીંબાયત-ડીંડોલી), મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૧(ડીંડોલી), મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૧(પરવત-ગોડાદરા)

**દક્ષિણે :** મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૫૪ (ભેસ્તાન)

**પૂર્વે :** મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૯(ગોડાદરા-ડીંડોલી)

**પશ્ચિમે :** ભેદવાડ ગામનો સીમાડો

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

| | | |
|---|---|---|
| **સુરત** | **નં.પી.આર.ઓ./૫૨૪/૨૦૦૯-૧૦** | **કમિશનર** |
| **તા. ૧૦/૨/૨૦૧૦** | **તા. ૧૦/૨/૨૦૧૦** | **સુરત મહાનગરપાલિકા** |